સે-૧૬ પ્રાથમિક શાળામાં સ્વચ્છતા-સામાજિક સમરસતા કાર્યક્રમ યોજાયો

# ઝૂંપડપટ્ટીના બાળકોએ કાબરના બચ્ચાંને નવજીવન બક્ષ્યું...!!

## કૂતરાનાં મોઢામાંથી કાબરના બચ્ચાંને છોડાવ્યું : ઘાયલ બચ્ચાંને પાણી રેડી સ્વસ્થ કર્યું : શ્રમજીવી પરિવારના બાળકોએ અનોખી જીવદયાના દર્શન કરાવ્યા

ગાંધીનગર, તા.૨૬

એવું કહેવાય છે કે બાળકો ઈશ્વરનું સ્વરૂપ હોય છે, આજે સે-૧૧ની એક ઝુંપડપટ્ટીમાં આ વાત ખરા અર્થમાં સાબિત પણ થઈ હતી. સે-૧૧માં એલઆઈસી કાર્યાલય પાસેની ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારના બાળકોએ રમત રમતમાં કૂતરાનો શિકાર બનેલ એક કાબરના બચ્ચાંને છોડાવી નવજીવન બક્ષ્યું હતું. આ કાર્ય થકી નિર્દોષ ભૂલકાંઓએ પોતાની જીવદયા લાગણીનો પરિચય આપ્યો હતો.

સે-૧૧ની એલઆઈસી ભવનની બાજુમાં અખબાર ભવન સામે આવેલ ઝુંપડપટ્ટીમાં કેટલાક ભૂલકાઓ તેમની રોજીંદી રમત રમવામાં મશગુલ હતા. બરાબર આજ સમયે નજીકના ઝાડ પરના કાબરના માળામાંથી ઉડવાનું શીખી રહેલ એક કાબરનું બચ્ચું નીચે પડી જતા ત્યાં રખડતા કૂતરાઓએ તેનો શિકાર કરવા પ્રયત્ન કર્યો હતો. એક કૂતરાંએ આ કાબરના ફફડતા બચ્ચાંને પોતાના મોઢામાં દબોચી એકલા ઓહિયા કરવાના ઈરાદે સલામત સ્થળની શોધમાં દોટ મુકી હતી. કાબરના બચ્ચાં સાથે તેની માતા કાબરે પણ આ સમયે મોટા અવાજે કાગારોળ મચાવી દીધી હતી. આ કાગારોળના કારણે નજીકમાં જ રમી



રહેલા બાળકોનું ધ્યાન જતા તેઓ તુરંત જ કાબરના બચ્ચાંને બચાવવા કૂતરાં તરફ દોડયા હતા. બરાબર આ સમયે એક બાળકના હાથમાં રમવા માટેની સોટી હતી તે તેણે કૂતરાને ફટકારતા કૂતરાના મોઢામાંથી કાબરનું બચ્ચું છુટી ગયું હતું અને ઘાયલ હોવાથી નીચે પડી તરફડિયા મારવા લાગ્યું હતું. પેલા ભૂલકાઓએ પરિસ્થિતિ પામી પહેલા તો કૂતરાઓને દૂર ભગાડયા હતા. પછી તુરંત જ બાળકોમાંની એક દિકરી દોડીને પોતાની ઝુંપડીએથી પાણીનો લોટો ભરી લાવી અને તરફડતા કાબરના બચ્ચાં પર પ્રેમથી રેડવા લાગી હતી.

બાળકોની સમજદારી અને સમયસૂચકતા કાબિલે દાદ હતી. જયારે પેલી દિકરી કાબરના બચ્ચાં પર પાણી રેડી રહી હતી ત્યારે બાકીના બાળકો તેના ફરતે ઉભા રહી ગયા હતા જેથી ફરીથી કૂતરો તેનો શિકાર ના કરી શકે. આમ બાળકોની અનોખી જીવદયાને કારણે પેલું કાબરનું બચ્ચું બચી ગયું અને થોડી વારમાં જ સ્વસ્થ થઈ પાંખો ફફડાવી ઉડી ગયું હતું. શ્રમજીવી પરિવારના અત્યંત દારૂણ્ય સ્થિતિમાં જીવતા પરિવારના અભણ અને નિર્દોષ બાળકોની સમજણ, પરિસ્થિતિને સંભાળવાની આવડત તથા અબોલ પંખી પ્રત્યેની અનુકંપા માટે તેમને સો-સો સલામ પણ ઓછી પડે.

# આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી ખાતે કેમ્પસ-ટુ-કોર્પોરેટ વર્કશોપનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાની આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી વિનસ ખાતે આજથી ચાર દિવસીય 'કેમ્પસ-ટુ-કોર્પોરેટ' વર્કશોપનો પ્રારંભ કરાયો છે. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને કરિયર ડેવલોપમેન્ટ, પ્રિ-પ્લેસમેન્ટ ટ્રેનિંગ, કોમ્યુનિકેશન સ્કીલ, પર્સનાલીટી ડેવલોપમેન્ટ જેવા વિષયોની તાલીમ આપવામાં આવશે. વર્કશોપના પ્રથમ દિવસે જ સવાસોથી વધુ વિદ્યાર્થીઓ તેમાં જોડાયા હતા.

આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી વિનસ ખાતે એન્જીનીયરીંગનો અભ્યાસ કરી





રહેલા વિદ્યાર્થીઓને આજની ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવા સાથે પોતાના કારકિર્દી ઘડતરના હેતુથી નોકરી કે વ્યવસાય પૂર્વેની જરૂરી તાલીમ આપવાના ધ્યેયથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વર્કશોપમાં વિદ્યાર્થીઓને કેમ્પસ લાઈફથી કોર્પોરેટ લાઈફમાં પ્રવેશતા પડનારી મુશ્કેલી અંગે માર્ગદર્શન અપાશે તથા કોમ્યુનિકેશન સ્કીલ્સ ડેવલોપ કરવા માટે વિવિધ મેનેજમેન્ટ ગેમ્સ, રિઝયુમ રાઈટીંગ, પર્સનલ ઈન્ટરવ્યુ, ગ્રૂપ ડિસ્કશન વગેરે દ્વારા તાલીમ આપવામાં આવશે. આ વર્કશોપમાં જાણીતા તજજ્ઞ દીપા સંઘવી તથા ડૉ. મોનાલી ચેટર્જી દ્વારા માર્ગદર્શન તાલીમ આપવામાં આવશે. વર્કશોપના પ્રથમ દિવસે દીપા સંઘવી તથા વિનસ ગ્રૂપ ઓફ કોલેજીસના ચેરમેન ઋષભભાઈ જૈન ઉપસ્થિત રહ્યા હતા. દીપા સંઘવીએ વિદ્યાર્થીઓને એન્જિનીયરે કોર્પોરેટ લાઈફમાં કેવી રીતે સફળતા પ્રાપ્ત કરવી તે અંગેની ટીપ્સ આપી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે મેનેજમેન્ટ ગેમ્સ, રોલ પ્લેસ, ઓડિયો વિઝયુઅલ, કલીપીંગ્સ, પીપીટી પ્રેઝન્ટેશન, જુથ ચર્ચા તથા મોક ઈન્ટરવ્યુ યોજયા હતા. દીપા સંઘવીએ કોર્પોરેટ જગતમાં નોન વર્બલ કોમ્યુનિકેશનના મહત્વ પર ભાર મુકયો હતો.

# સે-૧૬ પ્રાથમિક શાળામાં સ્વચ્છતા સામાજિક સમરસતા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત સ્વચ્છતા અભિયાન અંતર્ગત ફરી એકવાર સફાઈ કાર્ય તથા તે અંગે જાગૃતિ



ફેલાવવા કમર કસવા રાજયમાં સ્વચ્છતા સમરસતા કાર્યક્રમો હાથ ધરાઈ રહ્યાં છે. ગાંધીનગરના સે-૧૬ ખાતેની સરકારી પ્રાથમિક શાળામાં પણ સ્વચ્છતા અને સામાજિક સમરસતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તે અંતર્ગત એસએમસી સભ્યોની બેઠક સંકલ્પપત્રનું વાંચન તથા સ્વચ્છતા વિષયે બાળકોની નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી.

મહાત્મા ગાંધીજીની જન્મતિથી આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ફરી એકવાર ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાન વેગવંતુ બનાવાયુ છે આ સાથે સામાજિક સમરસતા કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવી રહ્યો છે. ગાંધીનગરના મધ્યમાં આવેલા સે-૧૬ ખાતે સ્વચ્છતા અને સામાજિક સમરસતા કાર્યક્રમ યોજવામાં આવ્યો અને તે અંતર્ગત સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની બેઠક પણ યોજવામાં આવી હતી. આ સાથે બાળકો માટે સ્વચ્છતા વિષય આધારિત નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં બાળકોએ પોતાના વિચારોને નિબંધ થકી વ્યકત કર્યા હતા. બાળકોના જીવનમાં સ્વચ્છતાનું મહત્વ જળવાઈ રહે અને સામાજિક સમરસતા અંગેના ભાવ વધે તે હેતુથી સંકલ્પપત્રનું વાંચન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સામજિક અગ્રણી તથા એડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા અને યુવા સમાજસેવી કાર્યકર વિજયસિંહ માજીરાણાએ બાળકોનું માર્ગદર્શન કર્યું હતું.



ગાંધીનગરના સેકટર-૨૧માં ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ખાતે બનાવાયેલા ફુવારા એક સમયે શહેરની શોભામાં ચાર ચાંદ લગાવતા હતા. કાળક્રમે આ ફુવારામાંથી ઉછળતી પાણીની છોળો તો કયારનીય અદ્રશ્ય થઈ જવા પામી છે. હવે તો આ ફુવારાની હાલત એટલી દયનીય થઈ ગઈ છે કે તેની આસપાસ જંગલી ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા છે. આ કારણે બે ઘડી પો'રો ખાવા મુલાકાતીઓ દ્વારા ફુવારાની પાળીનો ઉપયોગ કરાતો હતો તે પણ છીનવાઈ રહ્યો છે. સ્વચ્છતા અભિયાનમાં તંત્રની નજરે આ ફુવારાની પરિસ્થિતિ ચઢે તો સદનસીબ નહીંતર...!!

## @ગાંધીનગર

● ૧૫૨, સાકાર કોલોની, સે-૨૫ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડ પાઠ યોજાશે.

### શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં મંડળના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સતત નવમા વર્ષે મંડળના પ્રમુખ તરીકે સુધીરભાઈ દેસાઈ, ઉપપ્રમુખ તરીકે કશ્યપ મહેતા, મંત્રી તરીકે દિગંત ઓઝાની વરણી કરાઈ હતી. આ ઉપરાંત સહમંત્રી તરીકે સર્જીત નાણાવટી અને તેજસ રાણા તથા જ્ઞાતિના વરિષ્ઠ અને કારોબારી સભ્ય અવિનાશભાઈ બુચની સલાહકાર તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આ સામાન્ય સભામાં જ્ઞાતિના વરીષ્ઠ આગેવાન અરુણભાઈ બુચ ઉપસ્થિત રહ્યા હતા.

### નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા ડાયાબીટીસ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે તા. ૨૮ સપ્ટેમ્બરને બુધવારના રોજ સાંજના ૫.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન સે-૨૩, શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે ડાયાબીટીસ મુકિત માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજરોગ જેવા ડાયાબીટીસના નિસર્ગોપચાર અને યોગ વડે સ્વાસ્થ્ય જાળવણી અંગેની માહિતી પણ પુરી પાડવામાં આવશે. નગરના સર્વે નાગરિકોને લાભ લેવા મંડળના મહામંત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## વાતવાતમાં

● ગાંધીનગરની મેડીકલ કોલેજમાં મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે ઈન્ટરવ્યુ આપવા આવેલા ઉમેદવારો આજે પાર્કિંગ બાબતે સિવિલ હોસ્પિટલના એએસએ દ્વારા જીઆર ટાઈપ કરવામાં કરાયેલ ભૂલના કારણે પરેશાનીનો ભોગ બન્યા હતા. ઈન્ટરવ્યુ માટે તા. ૨૬ અને ૨૭ દરમિયાન ઉમેદવારો આવવાના હોઈ મેડિકલ અધિક્ષક દ્વારા સિવિલ હોસ્પિટલના પે પાર્કિંગને વિના મૂલ્યે કરવાના જીઆરમાં એએસએ ભૂલથી તા. ૨૩ અને ૨૪ ટાઈપ કરી દીધી હતી.

● સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના વાવરના પગલે તકેદારી રુપે હોમિયોપેથીક દવાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ હોમિયોપેથી દવા સિવિલ હોસ્પિટલના રૂમ નં. ૧૨માંથી આપવામાં આવી રહી છે.

● શહેરમાં રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી, મચ્છર વગેરેનો ઉપદ્રવ વધવાથી તંત્ર સાબદુ બન્યું છે. તંત્ર દ્વારા સે-૧૩ના રહીશોના ઘરે પાણી ટાંકીમાં મચ્છરોનો ઉપદ્રવ ના થાય તે માટે દવા નાંખવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

● શહેરમાં ચારેકોર આગામી નવલી નવરાત્રિના પર્વની તૈયારીઓ જોરશોરથી આરંભાઈ છે. સેકટરોની સોસાયટીઓમાં નવરાત્રિ સમિતિની બેઠકના દૌર સાથે હોદ્દેદારોની વરણી, ફાળાની ઉઘરાણી, સાઉન્ડ-મંડપ તથા અન્ય જરુરી ચીજવસ્તુઓની ખરીદી જેવા કાર્યો હાથ ધરાઈ રહ્યાં છે.



ગાંધીનગરના સેકટર-૨૧ના શોપીંગ સેન્ટર વિસ્તારમાં ઠેર ઠેર કચરાના ખડકલા જોવા મળી રહ્યા છે. શહેરમાં એક તરફ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું છે તો બીજી તરફ મુખ્ય શોપીંગ સેન્ટરોની ગંદકી મુલાકાતીઓ માટે પરેશાનીરૂપ બની રહી છે.

# જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં જે.બી. શાળાની ત્રણ કૃતિઓની પસંદગી

ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન શિક્ષકોના સહિયારા પ્રયાસથી તૈયાર કરેલી પાંચ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિજ્ઞાન શિક્ષક અશોકભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અનુરાગ પટેલ અને કુલશ પટેલ દ્વારા ધુમ્રપાનથી થતી આડઅસરો દર્શાવતું મોડેલ રજુ કરવામાં આવ્યું હતું. શિક્ષક દિનેશભાઈ પટેલના માર્ગદર્શનથી વિદ્યાર્થી ધ્યાન પટેલ અને લવ ધોબીએ પર્યાવરણ મિત્ર બોટની કૃતિ તથા શિક્ષક વિક્રમભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વ્રજ પટેલ અને મન ઠાકરે સરવાળા, બાદબાકી, ગુણકાર, ભાગાકાર અને નાની મોટી સંખ્યા દર્શાવતું ગણનયંત્રની કૃતિ રજૂ કરી હતી. આ ત્રણેય કૃતિઓની જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદગી કરવામાં આવી છે. આ સિધ્ધિ બદલ શાળાના આચાર્યા નીવાબેન પટેલે બાળ વૈજ્ઞાનિકો તથા માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા છે.



ગાંધીનગરમાં ઈન્ફોસીટીની બાજુમાં સહકાર જગત ભિષ્મ પિતામહ ગણાતા સ્વ.જયરામભાઈ પટેલના સક્રીય પ્રયત્નોથી ઉભી થયેલ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ કો ઓપરેટીવ મેનેજમેન્ટ શહેરની શોભા અને ખ્યાતિ વધારી રહી છે. સહકારી ક્ષેત્રે પોતાના અનન્ય યોગદાન માટે જાણીતા અને બાપાના હુલામણા નામથી ઓળખાતા સ્વ. જયરામભાઈ પટેલની યાદગીરીરૂપે આ એનઆઈસીએમ સંસ્થાના સંકુલમાં પ્રવેશદ્વાર નજીક જ તેમની પ્રતિમા પણ પ્રસ્થાપિત કરાઈ છે. આજે તા. ૨૬મી સપ્ટેમ્બરે તેમની પુણ્યતિથિ હતી. દર વર્ષની માફક આ વર્ષે પણ સ્વ. જયરામભાઈ પટેલની પુણ્યતિથીએ તેમના કુટુંબીજનો તથા 'બાપા' થકી આકાર પામેલ એનઆઈસીએમ સંસ્થાના તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ સાથે મળીને પ્રતિમાને શ્રધ્ધા સુમન અર્પિત કર્યા હતા. આ પ્રસંગે 'બાપા'ના સંસ્મરણોને પણ વાગોળવામાં આવ્યા હતા.

# આસો બેસતાં જ નવરાત્રીનો મંગલ પ્રારંભ

## કોઈ પણ શુભકાર્યમાં વૃધ્ધિ તિથીનો ત્યાગ કરાય છે, દિવસ મુજબ નવ દિવસની નવરાત્રી રવિવારથી જ ગણી શકાય, જો કે પ્રતિવર્ષ પરંપરા અનુસાર નવરાત્રી કરનાર શનિવારથી શરૂ કરી શકે છે

ગાંધીનગર, તા.૨૬

આદ્યશકિત જગત જનની જગદંબાની આરાધના, ઉપાસના અને અનુષ્ઠાનનું મહાન પર્વ નવરાત્રીનો ટુંક સમયમાં પ્રારંભ થઈ રહ્યો છે. શારદીય નવરાત્રી તરીકે ગણાતા આ પર્વના પ્રારંભમાં જ બે તિથીનો સંયોગ રચાતા નવરાત્રીની શરૂઆત કયારથી કરવી તે સવાલ શ્રધ્ધાળુઓમાં ઉભો થયો છે પરંતુ શાસ્ત્રમાં જણાવ્યા અનુસાર કોઈ પણ શુભકાર્યમાં વૃધ્ધિ તિથીનો ત્યાગ થતો હોય છે જેથી દિવસ મુજબ ગણતા શ્રધ્ધાળુઓ નવરાત્રી રવિવારથી કરી શકે છે. જો કે પ્રતિ વર્ષ પરંપરા અનુસાર કરાતી નવરાત્રી શનિવારથી શરુ કરી શકાય છે. આમ તો આસો બેસતા જ નવરાત્રીનો મંગલ પ્રારંભ થઈ જતો હોય છે.

આસો મહિનાની શરૂઆત થતાં જ નવરાત્રીનો મંગલ પ્રારંભ થઈ જાય છે. પરંતુ આસો મહિનાની પ્રથમ તિથિ એટલે કે એકમ વૃધ્ધિ તિથી બની છે જેથી બે એકમ ગણાય છે. જેમાં વૃધ્ધિ તિથિ એ શુભ કાર્ય ત્યજ ગણાય છે જે મુજબ શનિવારના રોજ ઘટસ્થાપન કરી ઉપવાસ, આરાધના, અનુષ્ઠાન વગેરે ધાર્મિક કાર્યો રવિવારથી કરી શકાય તેવું તલોદના પ્રખર જયોતિષાચાર્ય ભરતભાઈ



શાસ્ત્રીએ જણાવ્યું છે. તેઓ વધુમાં જણાવે છે કે દિવસ મુજબ નવરાત્રીની ગણતરીથી કરાતી નવરાત્રી રવિવારથી જ ગણી શકાય છે. પરંતુ પ્રતિવર્ષ પરંપરા અનુસાર નવરાત્રી કરનારા શનિવારથી નવરાત્રી શરૂ કરી તે દિવસે ઘટસ્થાપન કરી શકાશે.

આ વર્ષની નવરાત્રીમાં દુર્ગાષ્ટમી, મહાષ્ટમી, હવનાષ્ટમી તા. ૯-૧૦-૨૦૧૬ને રવિવારના રોજ ઉજવાશે જયારે દશેરા મંગળવારના રોજ મનાવવામાં આવશે. નવરાત્રીનો મહિમા ભગવાન રામના સમયે પણ હતો. રાવણનો નાશ કરવા માટે નારદજીએ ભગવાન રામને આસો મહિનાની નવરાત્રીમાં ઉપવાસ અને અનુષ્ઠાન કરવા માટે પ્રેરણા કરી હતી. આ અગાઉ પણ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે પણ નવરાત્રી અનુષ્ઠાન કરેલ છે. ભગવાન રામે કિષ્કંધા પર્વત ઉપર માતાજીનું વ્રત કર્યું અને જગદંબા પ્રગટ થઈ રાવણ ઉપર વિજય થવાના આશીર્વાદ આપ્યા હતા. આ જગત પાંચ તત્વોથી બંધાયેલુ છે જેમાં આકાશ, વાયુ, પૃથ્વી, જળ અને તેજ આ તત્વોના પાંચ દેવ મુખ્ય છે. ગણપતિ, જગદંબા, સુર્યનારાયણ, વિષ્ણુ અને મહાદેવ જે મુજબ હવે નવરાત્રી શરૂ થશે અને જગત જનની જગદંબાને પ્રસન્ન કરવા શ્રધ્ધાળુઓ તન-મન અને ધનથી એકાગ્ર ચિત્તે ઉપવાસ-આરાધનાનો પ્રારંભ કરશે.

## ચિરવિદાય

- સ્વ. અમરતજી ગેમાજી જાદવ, ઉ.વ. ૪૫
- સ્વ. બાલુબેન જીવાજી ચૌહાણ, ઉ.વ. ૭૮